# સૌથી વધુ યુદ્ધમાં સામેલ રહેતું સૈન્ય કેવું છે?









## પગરવ

★ પ્રશસ્ત પંડ્યા

ઇઝરાયલ-પેલેસ્ટાઈનના યુદ્ધને આ મહિને એક વર્ષ પૂર્ણ થયું. યુદ્ધની શરૂઆત ગત વર્ષે સાત-આઠ ઑક્ટોબરે ઈઝરાયેલ પર પેલેસ્ટાઈનના હમાસ સંગઠન દ્વારા હુમલાથી થઈ હતી. તે દિવસથી ઈઝરાયલ પેલેસ્ટાઈનના ગાઝા વિસ્તારમાં હુમલો કરી રહ્યું છે; પછી આ હુમલાનો વ્યાપ વધતો ગયો છે. ઈઝરાયલ પર હુમલો થયો તે દિવસે 1200 લોકોનાં મોત થયાં હતાં અને 251 લોકોને હમાસ સંગઠને બંદી બનાવ્યા હતા. મૃત્યુ પામનારાઓમાં 43 દેશોના નાગરિકો હતા. ઈઝરાયલ આ હુમલાનો છેલ્લા એક વર્ષથી બદલો લઈ રહ્યું છે અને તેમાં હવે ઈઝરાયલની સામે ઈરાન પણ પડ્યું છે. ઈઝરાયલને આ યુદ્ધમાં પારાવાર નુકસાન થયું છે તેમ છતાં યુદ્ધમાંથી પીછેહઠ કરવાનો તેનો કોઈ ઈરાદો દેખાતો નથી. બલકે યુદ્ધમાં કોઈ પણ ભોગે સામા પક્ષને પરાસ્ત કરીને તે ઘૂંટણિયે લાવવા માંગે છે. ઈઝારાયલની આ નીતિનો ગ્રાઉન્ડ પર અમલ કરવાનું કામ 'ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ' કરી રહી છે. 'ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે' સરકારની નીતિ મુજબ હાલમાં ગયા વર્ષે થયેલાં હુમલાનાં કેટલાંક દશ્યો પણ જાહેરમાં મૂક્યાં છે. અત્યારે તો ઈઝરાયલ-પેલેસ્ટાઈન યુદ્ધનો અંત દેખાતો નથી. સમાધાન, શાંતિવાર્તા નિષ્ફળ ગયાં છે, ત્યારે અવિરત લડતું ઈઝરાયલ સુરક્ષા દળ કેવી રીતે કામ કરે છે તે જાણીએ.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ[IDF]ની વેબસાઈટ પર જે સૌથી પહેલાં ફ્લેશ થાય છે તે 'ધ હમાસ-ઈઝરાયલ વૉર' છે. આ વિગતમાં ગત વર્ષે સાત તારીખે થયેલા હુમલાનો ઉલ્લેખ છે અને પછી તેમાં લખાણ છે કે હમાસ સામેનું આ યુદ્ધ છે અને અત્યારે 'IDF'નો ઉદ્દેશ્ય છે : હમાસ આતંકવાદી સંગઠનના સૈન્યને અને તેની વહીવટી ક્ષમતાને ધ્વસ્ત કરવી. 'IDF'તેનાં ચાર મૂળ મૂલ્યો આ રીતે મૂકે છે. તેમાં પ્રથમ છે ઈઝરાયલ અને તેના નાગરિકોની કોઈ પણ ભોગે સુરક્ષા. બીજું છે, ઈઝરાયલ પ્રત્યેની પ્રાથમિકતા અને વફાદારી. ત્રીજું છે માનવ સન્માન - આ મૂલ્યમાં 'IDF'એવું પણ નોંધે છે કે તેમાં કોઈ પણ પ્રકારની રાષ્ટ્રીયતા, ધર્મ કે જાતિનો ભેદ કરતું નથી અને ચોથું છે : ઈઝરાયલને એક દેશ તરીકે અકબંધ રાખવો.

ઈઝરાયલ જે રીતે ગાઝાપટ્ટી પર હુમલો કરી રહ્યું છે તેની આતંરરાષ્ટ્રિય સ્તરે ખૂબ ટીકા થઈ રહી છે પણ જ્યારે 'IDF'ની વેબસાઈટ પર જઈએ તો ઈઝરાયલ સૈન્યની એક અલગ છબિ જોવા મળે છે. અહીંયા તેમની કેટલીક સૂચનાઓમાં માનવીય વલણ જોવા મળે છે. આવી એક સૂચના ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં 'IDF'દ્વારા આપવામાં આવી હતી. તે આ પ્રમાણે છે : "પ્રિય ગાઝાવાસીઓ, અહીં આપેલા નકશાને અચૂક રીતે જોશો. આ નકશામાં નિશાન કરેલા વિસ્તારો અને તેની આસપાસના વિસ્તારોમાં જો કોઈ નિવાસ કરતું હોય તો આ સૂચના વિવિધ મીડિયાના માધ્યમથી ધ્યાનથી જુઓ. આ સૂચનાથી તમારું અને તમારા પરિવારનું જીવન સુરક્ષિત રહી શકશે." આ સૂચનામાં આગળ વિગતમાં 'IDF' ઉલ્લેખ કરે છે કે કેવી રીતે હમાસ સંગઠન નાગરિકોની આડમાં પોતાનું સૈન્ય કાર્યરત રાખે છે. જો કે કાગળ પર દેખાતું આ વલણ માત્ર દેખાડા પૂરતું હોઈ શકે કારણ કે ઈઝરાયલના હુમલામાં નાગરિકોની મોતની ઘટના અવારનવાર બને છે.

ઈઝરાયલ મજબૂત સૈન્ય ધરાવે છે અને તે મોટું બજેટ પણ 'ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ' પર ફાળવે છે. ઈઝરાયલને સંરક્ષણમાં અમેરિકાનો પણ સાથ મળે છે. તેમ છતાં છેલ્લા વર્ષમાં ઈઝરાયલના 728 સૈનિકો મૃત્યુ પામ્યા છે અને ઈઝરાયલ પર 26 હજારથી વધુ રોકેટ ફાયર થયા છે. તેની સામે 'IDF'એ 17,000 હમાસના સભ્યોને મારવાનો દાવો કર્યો છે અને એ ઉપરાંત ઈઝરાયલના હુમલામાં 40,000 જેટલા પેલેસ્ટાઈન નાગરિકો માર્યા ગયા છે. ઈઝરાયલ અત્યાર સુધી પેલેસ્ટાઈન અને ઈરાનને જંગી નુકસાન પહોંચાડી શક્યું છે. 'ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેક્સ' મુજબ ઈઝરાયલ સૈન્ય શક્તિમાં વિશ્વમાં પહેલા 20 દેશોમાં સમાવિષ્ટ થાય છે. તેની પાસે સબમરીન છે, મિસાઈલ બોટ્સ છે, મસમોટા ડ્રોન છે અને હજારોની સંખ્યામાં યુદ્ધવિમાનો તો ખરાં જ. અમેરિકા દ્વારા નિર્મિત M 270 નામની મલ્ટિપલ લૉન્ચ રોકેટ સિસ્ટમ પણ ઈઝરાયલ સૈન્ય પાસે છે. એક અંદાજ મુજબ હાલમાં 'IDF'ના એર ફોર્સમાં 89,000 સૈનિકો છે, 52,600 ભૂદળ સૈન્ય છે અને 19,500 નૌસૈનિકો છે. આ ઉપરાંત પાંચ લાખ જેટલા સૈનિકો ઈઝરાયલ પાસે રિઝર્વમાં છે.

'IDF'અત્યાધુનિક છે અને તે માટે તેનો ખર્ચ પણ મસમોટો છે. ઈઝરાયલના વ્યક્તિ દીઠ સરેરાશ સૈન્ય ખર્ચ અઢી હજાર ડોલરની આસપાસ છે. વિશ્વના કોઈ પણ દેશ કરતાં આ ખર્ચ સૌથી વધુ છે. 2022માં ઈઝરાયલ દ્વારા GDPના સાડા ચાર ટકા સૈન્ય ખર્ચ કર્યો હતો. ઈઝરાયલ આ બધું જ કરી શક્યું છે તેનું મહત્ત્વનું કારણ 'ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ'નું અમેરિકા સાથેનું જોડાણ છે. આ જોડાણથી અનેક એવાં શસ્ત્રો તૈયાર થયાં છે જે આજે ઈઝરાયલને યુદ્ધભૂમિ પર અજય બનાવે છે. એટલું જ નહીં 'IDF'પાસે પરમાણુ શસ્ત્રો હોવાનું પણ કહેવાય છે અને તેની સંખ્યા પણ 80ની આસપાસ છે.

'IDF' માત્ર શસ્ત્રોની રીતે નહીં પણ બધી રીતે તેને અત્યાધુનિક બનાવવાનો પ્રયાસ થાય છે. જેમ કે 'IDF'મહિલાઓની ભૂમિકા અગત્યની બની છે. વિશ્વમાં એવા જૂજ દેશો છે જ્યાં સૈન્યમાં મહિલાઓને યુદ્ધમાં પુરુષોની સમોવડી તરીકે ઉતારવામાં આવે. ઈઝરાયલ તેમાંનો એક દેશ છે. 2010માં થયેલા એક સર્વે મુજબ ઈઝરાયલ સૈન્યના 88% પદો આજે મહિલાઓ માટે ઉપલબ્ધ છે અને તેમાંથી 70% જગ્યા પર મહિલાઓ જોવા મળે છે. સૈન્યને લઈને ઈઝરાયલ પર અનેક સંશોધન થયાં છે અને મહિલાઓની અહીંયા ભાગીદારી એટલી રહી છે કે 1962થી લઈને 2016 વચ્ચે 535 મહિલાઓ સેવા દરમિયાન મૃત્યુ પામી છે. એવું પણ નથી કે ઈઝરાયલ મહિલાઓની ભાગીદારી સરળતાથી થઈ છે. અગાઉ અહીંયા પણ મહિલાઓને સૈન્યમાં લેવા અંગે વિરોધનો સૂર જોવા મળતો હતો. સિવિલિયન પાયલટ અને એરોનિટીકલ એન્જિનિયર એલિસ મિલરને એરફોર્સમાં જગ્યા ન મળી તો તેણે સરકાર સામે અવાજ ઉઠાવ્યો હતો. એલિસે હાઈકોર્ટ સુધી પહોંચીને અરજ કરી હતી કે મહિલાઓને એરફોર્સમાં સ્થાન મળવું જોઈએ. તત્કાલીન ઈઝરાયલના રાષ્ટ્રપતિ એઝર વિઝમેને તે વખતે આ મુદ્દે વિવાદિત બયાન આપતાં કહ્યું હતું કે 'એલિસ ઘરે રહેશે તે યોગ્ય છે' પણ તે પછી 1996માં કોર્ટનો ચુકાદો આવ્યો અને જાતિ આધારિત સૈન્ય ભરતીનો ભેદ મટી ગયો.

આશ્ચર્ય થાય પણ 'IDF'માં કેટલાક અરબ-મુસ્લિમોને પણ સ્થાન મળ્યું છે. 2014થી તો અરબ ક્રિશ્ચિયન અનેક લોકો 'IDF'માં જોડાયા. 2020માં 606 મુસ્લિમ અરબ ઈઝરાયલ સૈન્યમાં જોડાયા હતા અને તેમાંથી અડધોઅડધ યુદ્ધભૂમિમાં ઈઝરાયલ માટે લડ્યા હતા. આ ઉપરાંત ઈઝરાયલના સૈન્યમાં 'LGBT'કમ્યુનિટીને પણ સ્થાન મળે છે. વિશ્વમાં આંગળીને વેઢે ગણાય એટલા દેશો છે, જેઓ સૈન્યમાં બોલી-સાંભળી ન શકનારાઓની ભરતી કરે છે, ઈઝરાયલ તેમાંથી એક છે. મહદંશે તેઓ યુદ્ધભૂમિમાં જતા નથી પરંતુ ઓફિસ અને મેપિંગ કામ માટે તેમની સેવા ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ લે છે.

**વિશ્વમાં આંગળીને વેઢે ગણાય એટલા દેશો છે, જેઓ સૈન્યમાં બોલી-સાંભળી ન શકનારાઓની ભરતી કરે છે, ઇઝરાયલ તેમાંથી એક છે. મહદંશે તેઓ યુદ્ધભૂમિમાં જતા નથી પરંતુ ઓફિસ અને મેપિંગ કામ માટે તેમની સેવા ઇઝરાયલ ડિફેન્સ ફોર્સ લે છે**

આ બધી વિશેષતા હોવા છતાં ઈઝરાયલના સૈન્યની કેટલીક મર્યાદાઓ પણ છે. જેમ કે ઈઝરાયલની કુલ વસતી 90 લાખ છે. જેના કારણે તેની પાસે રિઝર્વ સૈન્ય ભારત, અમેરિકા કે ચીનની જેમ 10 લાખ સુધી નથી પહોંચી શકતું. ઉપરાંત તેમનું રિઝર્વ સૈન્ય છે તેઓ નાગરિકો છે, જેમણે સૈન્ય ટ્રેનિંગ લીધી હોય છે અને એવું પણ નથી કે ઈઝરાયલે જે સુરક્ષા ગોઠવી છે તેમાં કોઈ સેંધ લગાવી ન શકે, નહીંતર વર્ષ પહેલાં જે રીતે ઈઝરાયલ પર દરેક જગ્યાએથી હુમલો થયો તે ન થયો હોત. આંતરરાષ્ટ્રિય સ્તરે સંરક્ષણ નિષ્ણાતો એમ પણ કહે છે કે તે વખતે ઈઝરાયલનું ઈન્ટેલિજન્સ ઊંઘતું ઝડપાયું હતું. ઈઝરાયલનું સૈન્ય ગમે તેટલું સૈન્ય અને ટેકનોલોજીથી સજ્જ બની જાય પણ આખરે જ્યાં સુધી પાડોશી સાથે વિશ્વાસનું વાતાવરણ ન બને ત્યાં સુધી કોઈ ચિંતામાંથી મુક્ત ન થઈ શકે.